ફેંકાઇ જાય અંગારા ને હૈયાં દઝાઇ જાય છે,
નેતાની નાગાઇથી લોકશાહી લજાઇ જાય છે!
ભજવાઇ જાય નાટક દુરાચાર સંહિતાનું -
ફૂટેજ ને નોટીસમાં કર્તવ્ય બજાઇ જાય છે.

ગરીબડી થૈ
એ' ઉઘરાવે દયા -
સશક્ત છે જ!
(મહિલા સશક્તિકરણ)

સ્વર્ણિમ પાર્કે -
એમના ગયા પછી -
અંધાર પટ..
(ગુજરાતનું ભાવિ)

ચિંતન

યેન યત્રૈવ ભોક્તવ્યં સુખં વા દુઃખ મૈવ વા । સ તત્ર બદ્ધ્વા રજ્જવેવ બલાદૈવેન નીયતે ॥ ૧ ॥
સાસા સંપદ્યતે બુદ્ધિઃ સા મતિઃ સાચ ભાવના । સહાયાસ્તાદંશા એવ સાદંશી ભવિતવ્યતા ॥ ૨ ॥

નશીબમાં જે લખ્યું હોય તે થઇને જ રહે છે અને જે સુખ-દુખ ભોગવવાનું લખ્યું હોય તે સ્થળ-કાળ સંજોગો સુધી વિધાતા-ભાગ્ય-સલાહ-વાતાવરણ-બુદ્ધિ આપણને દોરી જાય છે આવો સંદેશ સુભાષિત રત્ન ભાંડાગારના 'નશીબનો મહિમા' નામના બીજા પ્રકરણમાં આપવામાં આવ્યો છે :

(૧) સુખ કે દુઃખ જે કંઇ, જેણે, જયાં ભોગવવાનું હોય છે ત્યાં એ વ્યક્તિને નશીબ દોરડાંથી બાંધીને બળાત્કારથી-જબરજસ્દીથી તે સ્થળે-કાળે-એ જ વાતાવરણમાં ખેંચીને લઇ જાય છે.

(૨) જે પ્રમાણે, જે બનવાનું હોય છે તે જ પ્રમાણેની જ બુદ્ધિ મળી આવે છે. સલાહ મળે છે અને તે સ્વીકારવાની વૃત્તિ જન્મે છે, એટલે કે મતિ અને ભાવના પણ તેવી જ થાય છે અને સલાહકારો અને મદદગારો પણ એવા જ મળે છે. તુલસીદાસજીએ 'રામચરિત'માં પણ કહ્યું છે :

તુલસી જસિ ભવિતવ્યતા તૈસી મિલઇ સહાઇ । આવુનુ આવઇ તાહિ પહિં તાહિં તહાં લૈ જાઇ ॥
ચાણક્યનીતિમાં પણ કહ્યું છે :
તાદૃશી જાયતે બુદ્ધિર્વ્યવ સાયો અપિ તાદૃશઃ । સહાયાસ્તાદૃશા જાતા યાદૃશી ભવિતવ્યતા ॥

સુવિચાર

- ભવિષ્ય બદલવા માટે ભાવ બદલો - ***હરિન્દ્ર દવે***
- કેડી અનુસાર ડગલું માંડવાને બદલે અનુસાર કેડી ગોઠવવી અગત્યની છે - ***બરાક ઓબામા***
- માણસ સૂક્ષ્મ આયોજન કરે એને સફળતા મળે જ મળે - ***કુમારપાળ દેસાઇ***
- માણસો આળશુ નથી હોતા, પણ એમની પાસે સર્જનાત્મક સ્વપ્ન નથી હોતા, માણસો કામચોર નથી હોતા પરંતુ તેમની પાસે કામનું પ્રયોજન નથી હોતું - ***નારાયણ મૂર્તિ***
- તમારા નામનો સ્પેલીંગ બદલવાને કારણે સફળતાનો સ્પેલીંગ નથી બદલી શકાતો, એ માટે અંદરથી બદલાવું પડે છે, પછી સફળતા મળે છે - ***જનકલ્યાણ***
- સફળ માણસો યે ઘણી ભૂલો કરે છે, ફક્ત તેઓ દરેક વખતે નવી ભૂલો કરે છે એટલું અને જૂની ભૂલોનો ભાર તે ત્યાર પછીના પ્રયત્નો પર લાદતા નથી - ***શેક્સપિયર***
- મન, મગજ અને કાંડાની વચ્ચેની એકાત્મકતાથી સફળતાનો માર્ગ નક્કી થાય છે - ***જહોન મેકેન્રો***

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આપણું મન-હૃદય એવાં પવિત્ર અને નિર્મળ અને નિખાલસ રાખવાં જોઇએ કે એમાં જાતે જ સારા વિચાર પવિત્ર સંકલ્પો અને પરમેશ્વરના પગલા પડે. હૃદય વિચારોની શુદ્ધિને કારણે કોઇ જપ-તપ કે સાધનાનો પરિશ્રમ પણ કરવો નથી પડતો. ક્રિયાકાંડ-વિધિ-વિધાન એ એક જાતનું પાંજરૂં જ છે.

કવિશ્રી કલાપી-સુરસિંહજી, લાઠીના રાજવી હતા. કવિ હૃદય તો હતા જ. એકવાર ઉનાળામાં તેઓશ્રી પોતાના નિકટના મિત્રો કવીશ્રી ત્રિભુવન પ્રેમશંકર અને કવિ હરગોવિંદદાસ સાથે માથેરાન ફરવા ગયા.

ત્યાં એક બપોરે ત્રણે મિત્રો 'પ્રકૃતિ'ની પરમકૃપાની વાતો કરતા બેઠા હતા. ત્યાં એક બૂલબૂલ વેંચવાવાળો એક પાંજરામાં બે ત્રણ બૂલબૂલ પકડી વેંચવા આવ્યો. બૂલબૂલનો દેખાવ અને મયુર અવાજથી કવિ હૃદય કલાપી ખૂબ આકર્ષાઇ ગયા. મિત્રોને કહ્યું આ બૂલબૂલોનાં મયુર ગીતો આપણને લાઠીમાં દરરોજ સાંભળવા મળે તો કેવું સારૂં? આ આખું પાંજરૂં જ ખરીદી લઇએ તો કેવું?

કવિશ્રી હરગોવિંદ બોલ્યા-બાપુ! આ પંખીઓને અહીંથી ખરીદી લઇ જવાની શી જરૂર છે? આપ લાઠીમાં જ એક એવો સરસ ઉદ્યાન બનાવો કે આવાં બૂલબૂલ સહિત અનેક પંખી લાઠીના એ ઉદ્યાનમાં જાતે જ કલરવ કરવા આવી પહોંચે.

કલાપીએ મનોમન નિર્ણય કર્યો - અને બૂલબૂલવાળાને પૈસા આપી બૂલબૂલોને મૂક્ત કરાવી.

Email - sureshchandrabhatt18@gmail.com

ધરતીના ધબકારાને સાંભળી પૃથ્વીને બચાવવા થતા પ્રયત્નો કરવા જ રહ્યા

આજે વિશ્વ પૃથ્વી દિવસ ધરતીમાતાના ધબકારને સાંભળીએ!

- ડૉ. કિશોર સાધુ

સમકાલિન સમાજ ખુબ જટિલ થતો જાય છે. તેને કળવો પણ ખુબ મુશ્કેલ છે. તે પ્રકૃતિનો બેસુમાર માર ખાય છે; પડે છે; પાછો પ્રકૃતિની સામે લડવા તૈયાર થાય છે, લડે છે. વિશ્વએ ૨૦૧૨માં અમેરિકન મહાસત્તાને કુદરતી પ્રકોપ સમા હેરીકેન્ડ સેન્ડી માર્ચ, ૨૦૧૩માં હિમવર્ષા, હાલમાં વાવાઝોડાની તબાહી સામે વામણું પુરવાર થતતું જોયું છે. જો જાપાનમાં ત્સુનામી, ભારતમાં તામિલનાડુમાં સાઇકલોન નિલમ, ઉત્તર કાશીમાં આભ ફાટ્યું હતું. ૨૦૦૧નો ગુજરાતનો ભૂકંપ, હાલમાં ઇરાન-ચીનમાં આવેલ. ભારતમાં ભૂકંપના આંચકાએ લોકોને વિચારતા કરી દીધા છે. સૌરાષ્ટ્રમાં પાણીની બૂમરાણ વચ્ચે કમોસમી વરસાદ ગ્લોબલ વોર્મિંગનું પરિણામ છે. આજના ઝડપથી રોજ બદલાતા જયાં 'યૂઝ એન્ડ થ્રો'ની માનસિકતાવાળા સમાજમાં સમસ્યાઓની હારમાળા સર્જાય છે. તેમાં મહામારી, આર્થિક કટોકટી, હિંસા, કુદરતી પ્રકોપ વગેરે ઘટનાઓ પ્રત્યે લોકોનું ધ્યાન તરત જાય છે. આ ઘટનાઓના મૂળમાં, ઘટના ઘટવા પાછળનું કારણો પ્રદૂષમનાં છે એ કોઇને સમજમાં આવતું નથી! સમજમાં આવે છે તો તે સમજવા માંગતો નથી.

અમેરિકામાં આરોગ્ય સંસ્થા ગ્લોબલ ઓફ ડિસીઝે તેના સર્વેમાં જણાવ્યું હતું કે, 'ભારતમાં પ્રદૂષણ પાંચમાં ક્રમનું હત્યારૂં બની ગયું છે, આ બાબત ચિંતાજનક છે. અહેવાલ મુજબ દેશમાં દર વર્ષે ૬ લાખ વીસ હજાર લોકોનાં મૃત્યુ પ્રદૂષણને કારણે થાય છે.'

વિનાશના ભોગે માનવી વિકાસ કરી રહ્યો છે. જંગલી-હરિયાળાં ખેતરોની જગ્યાએ સિમેન્ટ, કોન્ક્રીટનાં જંગલો ઊભા કરે છે. નદીનાળાં કચરો ઠાલવવાના ઉકરડા બની ગયા છે. તો દરિયો પણ સલામત નથી. ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણનો વિનાશ બંને સાથે ચાલી રહ્યા છે. માનવી પ્રકૃતિનું શોષણ કરી તેને ખોખલી બનાવી રહ્યો છે. વધતા જતાં પ્રદૂષણના માહોલમાં સૌથી ખતરનાક છે હવા, પાણી, જમીન અને માનવીય માનસિકતાનું પ્રદૂષણ!

હવાનું પ્રદૂષણ :

કરોડો નાક દ્વારા લેવાતો શ્વાસમાં શુદ્ધ નથી. કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના મત મુજબ દેશનાં ૧૮૦ શહેરોમાંથી ફક્ત બે શહેરની હવા શ્વાસ લેવા લાયક છે. આ બે શહેરો કેરળના છે. એક અહેવાલ મુજબ ફેફસાનાં કેન્સરથી, ૬ ટકા લોકો બ્લડપ્રેશરથી મરે છે. હવાના પ્રદૂષણથી હાર્ટએટેક પણ આવવાનું રિસ્ક વધે છે. વધતા વાહનોની ભરમાર, વધતાં ઔદ્યોગિક એકમો-ધુમાડો ઓકતી તેની ચીનીઓ આપણી ગંભીરતા સાબિત કરે છે. બીજું સૌથી ખતરનાક પ્રદૂષણ પાણીનું છે. એટલે કે નળમાંતી ટપકતાં ઝેરનો રોકવાનું છે. ઔદ્યોગિક એકમોની નીકળતો પ્રવાહી કચરો જમીનમાં - નદીનાળામાં ઠલવાય છે. શહેરોની ગટરોનાં કનેકશન નદીનાળામાં ખૂલે છે. તે પાણી પીવા લાયક રહ્યા નથી. જમીનમાં આ પ્રદૂષિત પાણી ઉતરે છે. તેના પ્રદૂષિત તત્ત્વો ભૂગર્ભ જળને પણ પીવાલાયક રહેવા દેતા નથી.

ત્રીજું પ્રદૂષણ છે જમીનનું પ્રદૂષણ :

ખનીજ, તેલ, કોલસો, ભૂગર્ભ પાણી વગેરે બેસુમાર ખેંચીને જમીનને ખોખલી કરી નાખવામાં આવી છે. પ્લાસ્ટિકથી વધુ પડતી વપરાશે, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગે જમીનની ફળદ્રુપતા અને સત્ત્વતા શોધી લીધી છે. ઔદ્યોગિક એકમોના કચરાને જમીનને પ્રદૂષિત કરી છે. આપણા દેશમાં તો વિશ્વમાંથી પ્રદૂષિત કચરો આયાત કરવામાં આવે છે. અલંગ વિશ્વવિખ્યાત જહાજ તોડવાનું શિપયાર્ડ છે. અહીં જહાજોમાં મફતમાં સોડા, રાખ, એસિડયુક્ત બેક્ટેરિયા વગેરે ઘાતક રસાયણો પણ આવે છે. હરિયાળાં ખેતરો, લીલાછમ જંગલોનો વિનાશ થઇ રહ્યો છે. ત્યાં સિમેન્ટ કોંન્ક્રીટના જંગલો ઊભા થઇ રહ્યા છે. જે ચિંતાજનક બાબત છે. ખેડૂત જગતનો તાત જમીનના ઊંચા ભાવો મળતાં વેંચી રહ્ય છે અને જમીનથી, ખેતીથી વિમુખ પણ થઇ રહ્યો છે ત્યારે?

ચોથું સૌથી ખતરનાક પ્રદૂષણ છે માનવીનું માનસિક પ્રદૂષણ :

ઔદ્યોગિક વિકાસ વધતાં શહેરીકરણ, ઉપભોક્તાવાદી સંસ્કૃતિ અને આધુનિક વિકાસે સ્થિતિ એવી સર્જી છે કે તેણે માનવમૂલ્યોનો હ્રાસ કરી માનવીની માનસિકતા ફેરવી નાંખી છે અને માનવીના માનસિક પ્રદૂષણે સમગ્ર જીવ-જગતને સંકટમાં નાંખ્યું છે.

ભૂકંપ, ત્સુનામી, હિમપ્રકોપ, અતિવૃષ્ટિ, દુષ્કાળ, કમોસમી વરસાદ, વાવાઝોડા વગેરે કુદરતી આપત્તિઓ, લાંચરૂશ્વત, ભ્રષ્ટાચાર, આતંકવાદી જેવી માનવીય કટોકટી માનવીના માનસિક પ્રદૂષણનું પરિણામ છે. તે નજરે જુએ છે કે વરસોની કરેલી મહેનત બાદ વિકાસનો એક પળમાં વિનાશ! છતાં!!!

કુદરતની અનેક થપાતો બાદ જનસમુદાયના વિચારોમાં પર્યાવરણ સંબંધિત જાગૃતિની એક લહેર ઊઠી છે. જે એક દિવસ પૂરતી ચાલે છે, આ દિવસે પ્રતિજ્ઞાઓ હજારોની સંખ્યામાં લેવાય છે, પણ પળાતી કેટલી હશે? આ સત્યને સમજવા, સ્વીકારવા અને જીવી જવા માટે માણસ પાસે છાતી જોઇએ. હા! પૃથ્વીના ખરડાતા ચહેરાને બચાવવા કેટલાક પર્યાવરણ પ્રેમીઓ, કેટલીક સંસ્થાઓ કટિબદ્ધ બની ગ્રીન ઇકોનોમી સર્જવા પ્રયત્નશીલ છે. હા! પર્યાવરણ પ્રદૂષણ આપણા માટે વિષય નવો છે, કારણ કે આપણે પર્યાવરણનું જનત કરનાર હતા. વિશ્વની હરોળમાં પહોંચવાની લાયમાં તેનું શોષણ શરૂ કર્યું, તેનાં પરિણામો સામે આવવા લાગ્યા છે. વિશ્વ સમુદાય મુઠ્ઠીમાં સમાઇ જાય તેવો જરૂર થઇ ગયો, લોકોની જ્ઞાનપિપાસા મુક્ત રીતે સરળતાથી સંતોષાય છે; પણ હવામાં છૂટા ફરતાં ઇલેક્ટરોનિક વેઝ શું કરશે? કોને ખબર? પક્ષી જગત નાશ પામી રહ્યું છે. પરિસ્થિતિ એવી વણસી છે કે પૃથ્વી પર સજીવ સૃષ્ટિનો ઉદ્‌ભવ અને વિકાસ પ્રદૂષિત વાતાવરણને કારણે ચારેબાજુએથી વિનાશ નોતરી શકે છે. આ સત્યને સમાજમાં સમજે છે બધા! અપનાવનાર કોઇ વિરલા જ છે.

વિશ્વ, પૃથ્વીને બચાવવા અનેક દિવસ ઊજવે છે. ૨૧ માર્ચ, વિશ્વ વન દિવસ, ૨૨ માર્ચ, વિશ્વ વોટર દિવસ, ૨૨ એપ્રિલ, વિશ્વ પૃથ્વી દિવસ, ૫ જૂન, વિશ્વ પર્યાવરણ દિન, ૧૬ સપ્ટેમ્બર, વિશ્વ ઓઝોન દિવસ, ૪ ઓક્ટોબર - વિશ્વ પ્રાણી સુખાકારી દિવસ વગેરે. આ દિવસોમાં વિશ્વના પર્યાવરણને સમર્પિત લોકો પોતાના જ્ઞાન અને અનુભવથી લોકોને પર્યાવરણને બચાવવા અપીલ કરે છે.

આ વર્ષે ૪૪મા વિશ્વ દિનનું વિષયવસ્તુ 'હરિયાળું વિશ્વ' છે. આખું વિશ્વ વીજળી બચાવવા એક કલાક માટે વીજળી બંધ રાખે છે. પૃથ્વીને બચાવવા વિશ્વને હરિયાણું બનાવવાના વિષયવસ્તુ પર વિવિધ કાર્યક્રમો થશે. આજના વિશ્વ પૃથ્વીને વધતા આધુનિક યાંત્રીક યુગમાં આપણે વિચારવું જ રહ્યું કે પીગળતી આર્કટિક હિમશીલા, વધતી દરિયાઇ સપાટી, કુદરતી પ્રકોપ-ભૂકંપ, ત્સુનામી, ખોરવાતા જતાં ઋતુચક્રો, વાવાઝોડાં, અતિવૃષ્ટિ જેવા વિનાશી વેરતાં પ્રકંપોના કારણો કયાં છે? પૃથ્વીની ઉત્પત્તિ, વનસ્પતિ અને જીવજંતુઓનો વિકાસ, તેનું સૃષ્ટિમાં મહત્ત્વ, સૃષ્ટિ ચક્રમાં માનવીનું સ્થાન શું છે? આપણે કુદરતી ચક્રના અદ્‌ભૂત રહસ્યોને સમજીશું તો હૃદયથી કુદરત સામે નતમસ્તક થવાની ઇચ્છા જાગશે! - આ સૃષ્ટિમાં બાધક નહીં સહાયક થવાનું વિચારશું! હા! આ વાત સમજવા મોટા વૈજ્ઞાનિક કે મહાપંડિત હોવું જરૂરી નથી. જરૂર છે એક સંવેદનશીલ હૃદયની! વ્યવહારૂં બુદ્ધિની! આપણી ઋષિ સંસ્કૃતિને અપનાવી ઉછીની લીધેલી ભોગવાદી-તકવાદી સંસ્કૃતિને જાકારો જાકારો આપી ધરતીમાતાના સાચા ધબકારને સમજવાની અને સાંભળવાની!

ધરતીના ધબકારાને સાંભળી પૃથ્વીને બચાવવા થતા પ્રયત્નો કરવા જ રહ્યા. સીધી રીતે જોઇએ તો જીવમાત્રનું પહેલું રહેઠાણ કુદરત છે. જંગલો, ખેતરો અને ગામડાઓમાં ફરવાથી એક જીવંદ દૃશ્ય ઊભું થાય છે - જયાં તમે જોઇ શકશો - બીજથી મૂળ, મૂળથી થડ અને થડથી વૃક્ષની યાત્રાને, વિપરીત સંજોગોમાં પમ શાંત અને સંતુષ્ટ રહેવાનું! તે જીવનનો માત્ર અંશ નથી તે છે આપણામાં સૂઇ ગયેલા માણસપણાને ઉઠાડવાની કવિતા! બીજું શહેરી ઝાકમઝોળ, સિમેન્ટ કોન્ક્રીટનાં જંગલોમાં ફરવાથી દોડાદોડીવાળું - હાફતું! પરાણે જીવન જીવતું, થાકીને લોથપોથ થયેલું, સાવ નીચવાઇ ગયેલું, બેપરવાહ પલાયનવાદની પ્રકૃતિનું દૃશ્ય ઊભું થાય છે. જેમાં માનવીએ પશ્ચિમી સભ્યતા સ્વીકારી યૂઝ એન્ડ થ્રોની સંસ્કૃતિ ઊભી કરી છે. નવીનત્તમ સફળતાને લોકધર્મનો ત્યાગ કર્યો છે. માનવીએ ભોગવાદ અને ભૌતિકવાદ તરફ મુઠ્ઠીવાળી આંધળી દોટ મુકી છે. બીજાના બાળકને મારી પોતાના બાળકનો વિકાસ કરવાની નીતિ! આ હિસાબ કેટલો ઉચિત અને વાજબી છે? અને આવા વિકાસની બાળમાનસ પર શું અસર થશે?

સમાજમાં ઊઠેલી અસ્થિરતા, ટેન્શન અને ડિપ્રેશનથી સમાજ તૂટી રહ્યો છે ત્યારે વિનોબાજીનો સર્વોદય સમાજનો સિદ્ધાંત યાદ આવે! જેમાં તેમને વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનો સમન્વય સાધવાની વાત કરી છે. તેમના મતે વિજ્ઞાન અને રાજનીતિનો સમન્વય સર્વનાશ છે. તેથી જરૂર છે નૈસર્ગિક પર્યાવરણનો સંવેદનશીલ અને આરોગ્યપ્રદ સહયોગના આધારે નવા સમાજની કામના કરવામાં આવે! આપણી ધરતીમાને બચાવવા આપણે પૂરી નિષ્ઠાથી પ્રયત્ન ખરીશું તો ૪૪મા વિશ્વ પૃથ્વી દિવસ, ૨૨ એપ્રિલ, ૨૦૧૪ની ઉજવળી સાર્થક થઇ ગણાય.

ગુજરાતને હરિત-ગુજરાત બનાવવા એક ડગલું આગળ ભરીએ

ધરતીમૈયા દિનના અવસરે, ધરાને હરિત બનાવવા ન વિસરિયે

લેખન - નરેશ ઠાકર

સને ૧૯૫૦ના અંતિમ દાયકામાં, અમેરિકાના ઘણા રહિશો જાણે અજાણે મોટી આરામદાયક મોટરકારમાંથી બહાર ફેંકાતો સીસાયુક્ત જોખમી ધાતુવાળા ધુમાડાને, અજાણે ફેફસાંમાં તારી રહ્યાં હતાં. સામાન્ય કાયદાઓની તેઓ પ્રવા કર્યા સિવાય ઉદ્યોગોની ચીમનીમાંથી નીકળતા ધુમાડા તથા ઉદ્યોગોના નકામા કચરાનો યોગ્ય નિકાલ કરવા માટે તેઓ બેફિકર હતા. અમેરિકન સરકાર ઉદ્યોગોનું હિત જાળવતી રહી હતી. ચોમેર ફેલાતી દૂષિત હવા અમેરીકાની સમૃદ્ધિની મહેંક તરીકે લગભગ વ્યાપકપણે સ્વીકૃત બની હતી!! ધીમેધીમે યુએસના લોકો વિટબંણામાં ફસાયા હોવાનું માનવા લાગ્યા હતા. વર્ષ ૧૯૬૯માં, કેલિફોર્નિયાના બાર્બરામાં વિશાળ પાયે ઢોળાઈને ચોમેર ફેલાયેલા ખનીજતેલથી થયેલ બરબાદીના સાક્ષી બનેલા અમેરિકન સંયુક્ત રાજયોના તત્કાલિન સેનેટર ગેલોર્ડ નેલસન લોકોમાં હવા અને પાણી પ્રદૂષણ બાબતે વ્યાપકપણે જનજાગૃતિની ચેતના પ્રગટાવવાનું નક્કી કર્યું. તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૭૦ના રોજ સમગ્ર અમેરિકાના લાખો લોકોએ પર્યાવરણ સુરક્ષાના મુદ્દે ચળવળમાં ભાગ લઈને દેખાવો યોજયા. લોકજાગૃતિના દબાવ હેઠળ અમેરિકન સરકારને યુનાઈટેડ સ્ટૅટ્સ ઍન્વિરોન્મેન્ટલ પ્રોટેક્સન ઍજન્સીની રચના કરવામાં આવી. ઉપરાંત યુએસ સરકાર દ્વારા ક્લિન ઍર, ક્લિન વૉટર તેમજ ઍન્ડેંજર્ડ સ્પેસિસ ઍક્ટ નામના ત્રણકાયદાઓ બનાવ્યા. ત્યારથી, દરવર્ષે ૨૨મી એપ્રિલનો દિવસ ધરતીદિન તરીકે ઉજવવામાં આવે છે.

ધરતીમૈયા દિનઃ

આપણી જીવસૃષ્ટીને નિરંતર ટકાવવા અને પોષવાનું અવિરત કાર્ય કરતી પૃથ્વી સાથે આપણો નાતો હંમેશા રહ્યો છે. આથી જ વિશ્વમાં પ્રાચિનકાળથી ધરતીમાતા કે ધરતીમૈયાની વિભાવના ઘણા સમૂદાયોની ભાષાઓમાં અને સંસ્કૃતિમાં જોવા મળે છે.



આપણી ધરતી અને તેની સમગ્ર પ્રકૃતિ પૃથ્વી પરની તમામ જીવસૃષ્ટિના જીવનનું પોષણ કરે છે અને નિરંતર નિભાવ જરૂરીયાતો આપી રહી છે, આ બાબતને હવે આંતરરાષ્ટ્રીય સંસ્થા, યુએન-યુનાઈટેડ નેશન્સ પણ અનુમોદન આપી રહ્યું છે.

યુએન સંસ્થાએ એવું પણ હવે માન્યું છે કે, વર્તમાન તેમજ આગામી પેઢીઓના ઉજ્જવળ ભવિષ્યની જરૂરિયાતો માટે આર્થિક, સામાજિક તેમજ પર્યાવરણીય બાબતો અંગે પ્રકૃતિ સાથે સૂમેળ સાધવાની માનવ સમુદાયોની સામૂહિક જવાબદારી છે, આ અંગે વ્યાપકપણે જનજાગૃતિમાં વધારો કરવાનું પણ આ સંસ્થાનો ધ્યેય છે.

આપણી પૃથ્વી અને તેના પરની સમગ્ર જીવસૃષ્ટીના ભલા સામે ભા થયેલા પડકારોને પહોંચી વળવા જનજાગૃતિનો વ્યાપ વધારવાના હેતુસર યુએન- યુનાઈટેડ નેશન્સની સામાન્યસભા દ્વારા વર્ષ ૨૦૦૯માં ઠરાવ ક્રમાંકઃ એ/આરઈએસ /૬૩ /૨૭૮ મારફતે પ્રતિવર્ષ૨૨મી એપ્રિલના દિવસને આંતરરાષ્ટ્રીય ધરતીમાતા દિન કે ધરતીમૈયા દિન તરીકે જાહેર કર્યો છે.

સમગ્ર વિશ્વસ્તરે પર્યાવરણીય બાબતો પરત્વે રચનાત્મક પગલાં લઈને તેની સમસ્યાની વર્તમાન દિશા બદલવાના મંચ માટે આ દિવસનો ઉપયોગ કરવામાં આવે છે. ક્લાયમેટ ચેન્જ માટેના પરીબળોની તાકાત ઘટાડવાનો સામાન્યતઃ ધરતીદિન ઝુંબેશનો ઉદ્દેશ છે. આ કામગીરી પર્યાવરણના સંરક્ષણ માટે આપણી રીતભાતમાં વૈજ્ઞાનિક પગલાં લઈને વાસ્તવિક અને નિરંતર બદલાવ લાવીને કરી શકાય છે.

ધરતીમાતા દિનનું સામાન્ય વિષયવસ્તુ, અંગ્રેજી અક્ષર આરથી શરૂ થતા ત્રણ પ્રચલિત શબ્દો રિડ્યૂસ, રિયૂઝ અને રિસાયકલ છે. રિડ્યૂસ એટલેકે રોજબરોજ નીપજતો કચરો ઘટાડવા પ્રયત્ન કરવાનો છે. રિયૂઝ અર્થાત્ બીનવપરાતી ચીજ-વસ્તુઓનો પુનઃઉપયોગ કરવો અથવા આવી વસ્તુઓ અન્ય જરૂરિયાતમંદોને આપવાનો છે. રિસાયકલનો મતલબ નકામી ચીજ-વસ્તુઓ કે કચરાને પુનઃચક્રિત કરવા માટે ઉચિત નિકાલ કરવાનો રહે છે. પાણીનો યોગ્ય ઉપયોગ સાથે તેનો બચાવ કરવાનો છે. અને સોલર અને પવન ર્જાનો વપરાશ વધારવાનો છે. પક્ષીઓના આશ્રયસ્થાન સમા વૃક્ષોની વૃધ્ધિ કરવાની છે.

ધરતીમાતાના સંરક્ષણ માટે ક્લાયમેટ ચેન્જની બાબત ખુબ ગંભીર છે. ક્લાયમેટ ચેન્જના પ્રભાવ હેઠળ પૃથ્વી પર લાખો લોકો, પશુ-પંખીઓ સહિત સમગ્ર સજીવ અને નિર્જીવ સૃષ્ટીને અસર થઈ રહેલ છે. ક્લાયમેટ ચેન્જના કારણોમાં ઉત્તરોત્તર દરવર્ષે વધારો થઈ રહ્યો છે.

ભારતીય સંસ્કૃતિ સૌથી પ્રાચીન છે. આ સંસ્કૃતિમાં તમામ જાતિ-પ્રજાતિઓ પરત્વે આદર-સન્માન જાળવવાનો ઉમદા ગુણ વિકસાવવામાં આવ્યો છે. આ સંસ્કાર પઢી-દર પેઢીને વારસામાં મળી રહ્યો છે. આ શિરસ્તો હજીપણ જોવા મળે છે. જીવસૃષ્ટિ અંગેની ફિલસૂફી પ્રચલિત છે. જેનો ઉલ્લેખ પૌરાણિક ગ્રંથ ભાગવત ગીતામાં ઉમદા પ્રથા દર્શાવી છે, જેમાં, પૃથ્વી, પાણી, અગ્નિ, હવા અને અનંત આકાશને ધરતીમાતાના મૂળ પંચતત્વોનું આદરથી પૂજન કરવામાં આવે છે.

આપણે સૌ ક્લાયમેટ ચેન્જના વિકરાળ પ્રભાવની અસરોને ઘટાડવા માટે સહયોગી બની શકીએ છીએ. ધરતીમાતા દિન સહિતના પ્રસંગોમાં આ વાસ્તવિક હકિકતોની અન્યોને જાણ કરી શકાય છે.

ધરતીમૈયા દિન પ્રસંગે લોકો સ્વૈચ્છાએ ભેગા થાય છે. પર્યાવરણીય બાબતો અંગે સંવેદનશીલ સંસ્થાઓ કાર્યક્રમો યોજીને તત્કાલ યોજનાઓ બનાવે છે. આ યોજનાઓમાં મોટી સંખ્યામાં લોકોને ભાગ લેવા માટે પ્રેરણા આપે છે, ધરતીમાતા દિનની ઉજવણીમાં લોકો દ્વારા કેવા પગલાં લઈ શકાય તેની વિગતો દર્શાવતા ચોપાનીયા, પુસ્તિકા, બેનર્સ, પોસ્ટર્સ, વગેરેની માહિતી આ સંસ્થાઓ તૈયાર કરે છે. ધરતીમૈયાના ઉજવણીના દિવસે કેટલાંક કાર્યક્રમોનો આસાનીથી અમલ કરી શકાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

શબ્દો ઠંડીથી નહીં, સાહસના અભાવે મરે છે

વિચારયાત્રા

- ડો. જય ઓઝા

૧૯૭૧માં એક સર્વેમાં માત્ર ૧૦૮ ભાષા સામે આવી

વિશ્વમાં છ હજારથી વધુ ભાષા બોલાય છે. ભારતમાં ૧૬૫૨ ભાષા છે એવું ૫૦ વર્ષ જૂનો (૧૯૬૧) સર્વે કહે છે. આમાંથી ૧૧૦૦ અધિકૃત ભાષાનો દરજ્જો ભોગવે છે. ૧૯૭૧માં એક સર્વેમાં માત્ર ૧૦૮ ભાષા સામે આવી હતી. એમાં નિયમ એવો હતો કે એને બોલવાવાળાની સંખ્યા ઓછામાં ઓછી દસ હજાર હોય તેને ભાષાની યાદીમાં સામેલ કરાય. આ સરકારી નિયમ છે. ૧૯૬૧ના સર્વેને આધાર માનીએ તો ભારતનું આજનું ભાષા-વિશ્વ કેવું છે? વડોદરાના પ્રો. ગણેશ દેવીના 'ભાષા અનુસંધાન અને પ્રકાશન કેન્દ્ર' દ્વારા થયેલો સર્વે કહે છે કે પાછલાં ૫૦ વર્ષોમાં ભારતમાં ૨૫૦ ભાષાઓ લુપ્ત થઈ ગઈ છે અને બીજી ભાષાઓ અલગ અલગ કારણોસર તેજીથી મરી રહી છે. આ પ્રકારનો સર્વે અંગ્રેજકાળ દરમિયાન અંગ્રેજ અફસર જહોન અબ્રાહમની આગેવાનીમાં ૧૮૯૪-૧૯૨૮ વચ્ચે થયો હતો.

એક સદી બાદ પ્રો. ગણેશ દેવીએ પહેલી વાર જનજાતિઓની સ્વૈચ્છિક મદદ લઈને ૧૧૦૦ ભાષાની સ્થિતિ જાણવા પ્રયાસ કર્યો. એમાં ખબર પડી કે માત્ર ૮૫૦ ભાષા જીવિત છે અને પ્રો. દેવીના કાર્યકરો દેખીતી મર્યાદાના કારણે ૭૮૦ ભાષાની જ તલાશ કરી શક્યા. ગાયબ થનારી ભાષાઓ દેશમાં ફેલાયેલા ઘૂમક્કડ અથવા ખાનાબદોશ સમુદાયોની છે. બિહાર-ઝારખંડમાં સાત ભાષાઓ પર વિલુપ્તિનો ખતરો છે. મહારાષ્ટ્રમાં વિદર્ભમાં ત્રીસથી ચાલીસ કબીલાઈ બોલી મરી રહી છે. મરાઠાવાડા અને ખાનદેશની લોકબોલી પણ ઘટી રહી છે. આસામની દેવરી, મિસિંગ, કછારી, બેહટે, તિવા અને કોચ રાજવંશી ગંભીર સંકટમાં છે. સિક્કિમમાં મજહી નામની બોલી બોલનારી એક જ વ્યક્તિ છે. ૩૧૦ ભાષા એવી છે જેને બોલનારા પાંચ જ માણસ છે. ૫૦ કબીલાઈ બોલી બોલનારા ૧૦૦૦ લોકો છે.

પ્રો. ગણેશ દેવી કહે છે કે ભારતમાં બે પ્રકારની ભાષા લુપ્ત થઈ રહી છે. એક તો તટીય ઈલાકાના લોકો 'સી ફાર્મિંગ' ની તક્નિકમાં બદલાવ આવવાથી શહેરો તરફ વળી ગયા છે. એમની ભાષા અનાથ થઈ ગઈ છે. બીજી જે ડિનોટિફાઈડ કેટેગરી છે તે વણઝારા અથવા ખાનાબદોશ લોકો શહેરોમાં વસીને એમની એક જમાનાની અપરાધીની ઓળખ છુપાવી રહ્યા છે. આવા ૧૯૦ સમુદાય છે જેમની બોલી બોલાતી નથી. સર્વેની પ્રાસંગિતા સમજાવતા પ્રો. દેવી કહે છે કે પ્રત્યેક ભાષા સાથે વાતાવરણનું જ્ઞાન જોડાયેલું હોય છે. જયારે એક ભાષા જતી રહે ત્યારે એને બોલનારા પૂરા સમૂહનું જ્ઞાન લુપ્ત થઈ જાય. આ મોટું નુકસાન છે કારણ કે ભાષાના માધ્યમથી જ સામૂહિક સ્મૃતિ અને જ્ઞાન જીવતાં રહે છે.

પ્રત્યેક શબ્દનો એક વર્લ્ડવ્યૂ (વિશ્વદૃષ્ટિ) હોય છે. દાખલા તરીકે આપણે કેટલીય લાખ વાર રડયા હોઈશું ત્યારે 'આંસુ' શબ્દ પેદા થયો હશે. આ શબ્દ ખોવાઈ જાય તો જગતને જોવા-સમજવાની આપણી એક વિશિષ્ટ દૃષ્ટિ પણ જાય. પ્રો. દેવી કહે છે કે આટલા માટે જ ભાષા અને બોલી એવા ભેદભાવ ગલત છે. ભાષા ફક્ત ભાષા હોય છે. જે ભાષાની લિપિના હોય તે બોલી છે એવું નથી. વિશ્વની મોટાભાગની ભાષાઓ પાસે લિપિ નથી. સંસારમાં કુલ છ હજાર ભાષા છે અને ૩૦૦થી વધુ પાસે પોતાની લિપિ નથી, છતાંય એ મશહૂર છે. જેના વાવટા દુનિયાભરમાં ફરકે છે તે અંગ્રેજી પણ ઉધારની લિપિ (રોમન) માં લખાય છે. હિન્દી દેવનાગરીમાં લખાય છે. દેવનાગરીમાં જ સંસ્કૃત, મરાઠી, નેપાલી વગેરે લખાય છે.

ભાષાની પોતાની લિપિ હોય તે જરૂરી નથી. ભાષ કરાવે તે ભાષા. વેદ બોલાયેલું જ્ઞાન છે. શ્રુતિ છે. એ લખાયેલું કે વંચાયેલું જ્ઞાન નથી. જિનેટિક વિજ્ઞાન કહે છે કે અવાજ અથવા ધ્વનિ માટે ડીએનએના સાતમા ક્રોમોઝોમના ફોકસપી-ટુ નામનું જીન જવાબદાર છે. મનુષ્યના નિકટતમ ભાઈ ચિમ્પાઝી અને મનુષ્ય વચ્ચે ફોકસપી-ટુ પ્રોટીનમાં બે એમિનો-એસિડનો ફરક છે. ડાર્વિને કહેલું કે ભાષાનો વિકાસ ઉત્ક્રાંતિ અથવા તો ઈવોલ્યુશેનને આભારી છે. ભાષા એક પેઢીમાંથી બીજી પેઢીમાં જાય છે. ડાર્વિનના નેચરલ સિલેક્શન પ્રમાણે પ્રકૃતિ પોતે જ યોગ્ય પ્રજાતિને જીવિત રાખવા પસંદ કરે છે અને દરેક પ્રજાતિ એના પરિવેશ પ્રમાણે પોતાની અંદર પરિવર્તન લાવતી રહે છે.

ખાવા-પીવા-રહેન-સહેનની જેમ શું કોઈ શબ્દ, ધ્વનિ અથવા ભાષા નવું સ્વરૂપ લે અથવા વિલુપ્ત થાય? ભાષાની પહેલી કસોટી છે વ્યક્ત કરવાની, પરંતુ આસાનીથી. સરળતાથી અભિવ્યક્તિ માટે કેટલાં સર્વનામ અને ક્રિયાની ભાષાને જરૂર પડે? એક બાળક કયા સ્તરે ભાષા શીખવાનું શરૂ કરે છે? કયો ધ્વનિ કે શબ્દ આપણે આસાનીથી બોલી શકીએ છીએ? આ બધી બાબતોનો નિર્ણય સ્વયં થાય છે. આર્યોની ભાષામાં ઘોડા-ગાય સંબંધી શબ્દો બહુ હતાં કારણ કે એમના પરિવેશમાં ઘોડા-ગાય બહુ હતા. આપણી ભાષામાં સેવ, ડીલીટ, કંટ્રોલ, ફાઈલ, મોબાઈલ, એટીએમ, એસએમએસ જેવા શબ્દો ૨૦ વર્ષ પહેલાં ન હતા.

પ્રો. ગણેશ દેવી સુંદર ઉદાહરણ આપે છે. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ આંદામાન દ્વીપમાં બો નામની જાતિની એક માત્ર જીવિત સ્ત્રી મરી ગઈ. બો નામની ભાષા બોલનારી એ એકમાત્ર વ્યક્તિ હતી. ૧૮૫૮માં અહી બો જાતિના ૨૦૦ માણસો હતા. ૧૯૦૧માં અંગ્રેજોએ વસ્તી ગણતરી કરી ત્યારે બો જાતિનું અસ્તિત્વ જાણમાં આવ્યું હતું. ૧૯૩૧માં આ જાતિના લોકોની સંખ્યા માત્ર છની હતી. કહે છે કે જે આખરી સ્ત્રી મરી ગઈ તે એના અંતિમ દિવસોમાં પશુ-પંખીઓ સાથે વાતો કરતી હતી કારણ કે એની સાથે વાત કરવાવાળું કોઈ રહ્યું ન હતું. એ સ્ત્રીના મોત સાથે ૬૦ હજાર વર્ષોની ભાષા અને એનું જ્ઞાન પણ લુપ્ત થઈ ગયું.

ગુજરાતના ગીરના જંગલમાં ૩૦૦ વર્ષ પહેલાં આફ્રિકાથી આવીને વસેલી સીદી પ્રજાતિને એ પણ ખબર નથી કે એમનું મૂળ ક્યાં છે. એમની ભાષા અને રીત-રિવાજ ભુલાઈ ગયાં છે અને ગુજરાતી બની ગયા છે. એમના આગવા નૃત્ય માટે 'ગોમા' શબ્દ હતો પણ હવે એને 'ધમાલ' કહે છે, જે ગુજરાતી છે. હિમાલયના ભાષા સમૂહોમાં બરફવર્ષા માટે ૧૩૦ શબ્દો છે. આંદામાની ભાષાઓમાં સમુદ્રની ભરતી માટે અનેક શબ્દો છે. ભાષાઓના લુપ્ત થવાની સાથે આ જ્ઞાન પણ ખોવાઈ જાય છે. દાદરા અને નગર હવેલીમાં ગોરપા નામની એક ભાષાનો અતોપત્તો નથી.

વિશ્વમાં ઘણી ભાષાઓ લુપ્ત થવાના આરે છે. પ્રો. દેવી કહે છે કે સંસારમાં ૬ હજાર ભાષા છે અને એમાંથી ૩૦૦ મરી રહી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)